| Expectation | : | Fair, Medical/Highly Educated, Mixing Nature Girl, Gujarati Jain |

Advt.



advt.

# .... આપણા સૌના 'ભેરૂ' એવા
# શ્રી કિશોરભાઈ નંદલાલ શાહનું...
# કોટી.... કોટી... અભિવાદન કરીએ...

અભિનંદન



અભિનંદન

## શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ
## શ્રીમતી શાદરાબેન કિશોરભાઈ શાહ

**તમારા ૮૧માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે તથા ૮૦મા વર્ષમાં પગલાં પાડી ચૂકેલા તમારા જીવનસંગીનીને....**

**સમગ્ર ''જેજેસી'' પરિવારના અભિનંદન**

- અમને યાદ આવે છે આપનો રમુજી અને ટીખળી સ્વભાવ.
- ''કર્મ એ જ મારો ધર્મ''માં માનનારા આપને યાદ કરી આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.
- ''પર દુઃખે'' ઉપકાર કરી મનમાં અભિમાનનો છાંટો પણ ન જોવા મળે તેવા માનવરત્નને આજની ઘડીએ યાદ કરતાં વિશેષ આનંદ અનુભવીએ છીએ.
- આપની દીર્ઘદષ્ટિથી વિકસેલું આપણું ''શૈક્ષણિક સહાય''નું સપનું આજે વિશાળ વટવૃક્ષ બની ગયેલ છે ત્યારે યાદ આવે છે આપની ઉદારતા.
- તમારું પેહેલું વાક્ય ''હું સમજ્યો ત્યારથી જ સપનાઓ, સેવન કરવાનો વ્યસની બની ગયો છું'' ને મસ્તક નમી પડે છે.
- તમોએ તો ''માતા-ધીરજબાની'' કુખ ઉજાળી છે તો સાથે સાથે શાંત સરળ સ્વભાવી જીવનસંગીની શારદાબેનનાં સથવારે જીવનનું ઉચ્ચત્તમ ઘડતર પણ કર્યું છે.
- આપની ઉદારતા-આપના વિચારો-આપનો શ્રીફળ જેવો સ્વભાવ કોઈ વિસરી શકશે?
- જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટમાં આપે આપેલું દાન, આર્થિક યોગદાન ક્યારેય પણ ભૂલાય નહીં.

**''તુમ જીયો હજારો સાલ, સાલ કે દિન હો પચાસ હજાર''**

**આપ બંનેનું શેષ જીવન પ્રવૃત્તિમ - સેવામય - સ્વસ્થ - નિરોગી બની રહે તેવી પ્રભુ પ્રાર્થના!**

**શુભેચ્છકો :**

**જેજેસી સેન્ટ્રલ બોર્ડના સર્વે સભ્ય પરિવારજનો**

**જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીગણ**

# સુંદર અક્ષર - સારી કેળવણીનું પ્રથમ સોપાન

હરીશ શાંતિલાલ મહેતા

મહાત્મા ગાંધી ઘણું ભણ્યા પણ તેમને એક વાતનો સદાય અફસોસ રહેતો તેઓ સારા અક્ષરે લખી નહોતા શકતા. ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે તેવું તેઓ વારંવાર કહેતા અને તેમની આત્મકથામાં પણ એ વાત દોહરાવી છે.

ખૂબ ભણેલા ડોક્ટરોના અક્ષરો મેડીકલની દુકાનવાળો જ વાંચી શકે તેવી મજાક ખૂબ ચગી છે. ડોક્ટરો પોતાના પ્રેમ પત્રો અન્યો પાસે લખાવતા અન્યથા તેમના લખેલા પત્રો વંચાવવા માટે પત્નીઓએ દવાની દુકાનના ફાર્મસીએ મદદે આવવું પડતું.

હસ્તલિખિત પ્રતો દ્વારા આપણા શાસ્ત્રોની ઉત્પતિ થઈ. શિક્ષણ, મન અને લેખનનો સુંદર સમન્વય એટલે સારું અને સ્પષ્ટ સુવાચ્ય હસ્તલેખન. બેશક હસ્તલેખન એક કળા છે જેની નિપુણતા માટે બાળપણથી જ સતત મહાવરો જરૂરી છે. આવા મહાવરાને કારણે જ વ્યક્તિમાં સારા હસ્તલેખનની ટેવ પડે છે.

દાસબોધ ગ્રંથ બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરતો ગ્રંથ છે. વિદ્યાર્થીઓ જ નહિ પણ તમામ વ્યક્તિઓમાં લેખન-કળા કેટલી ઉપયોગી છે. તેની વાત ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવી છે.

લખનારે દેવનાગરી લિપિના અક્ષરોનો અભ્યાસ કરીને પોતાનું હસ્તલેખન એવું સુંદર બનાવવું જોઈએ કે જેને જોતાં જ વિદ્વાનો ખુશ થઈ જાય. અક્ષરો ગોળાકાર, સીધા અને સમાન અંતરે લખેલા હોવા જોઈએ. અક્ષરોની લાઈનો એટલી સુંદર હોવી જોઈએ કે જાણે ગળામાં મોતીની માળા પહેરી હોય. ગુજરાતી અક્ષરોમાં અંતીમ મરોડ પણ હસ્તલેખનને સુંદર બનાવે છે. બધા અક્ષરો એક સરખા અને એક જ શૈલીથી લખાયેલા હોવા જોઈએ.

તાજેતરમાં જ એક જૈન ટ્રસ્ટ દ્વારા કલ્પસૂત્ર ગ્રંથ હસ્તલિખિત બનાવવા માટે ડઝનેક લહિયાઓની મદદ લેવામાં આવી. અતિપ્રાચીન વ્યવસ્થા પ્રમાણે જ હેન્ડ મેઈડ પેપરની વ્યવસ્થા કરવામાં આવી. એ જ રીતે શાહી બનાવવા માટે પણ પ્રાચીન પદ્ધતિની સહાય લેવામાં આવી. આ લહિયાઓની બેઠક અને લખવાની વ્યવસ્થા તો ઠીક પણ તેમનો પહેરવેશ અને ભોજન પણ પરંપરાગત પદ્ધતિએ વિકસાવવામાં આવ્યો. આ લખનારે સ્વયંની હાજરીમાં આ લહિયાઓની હસ્તલેખનની કળાને નિહાળીને તાજ્જુબ્બ થઈ જવાયું છે.

બધા જ અક્ષરો એક સરખા, એટલે સુધી કે આડી માત્રા, ઉભી માત્રા સર્વે સમાન અને બરોબર અપાયેલા હોવા જોઈએ. લખાણની શરૂઆતથી માંડીને અંત સુધી એક જ સરખા અક્ષરો. બાળપણમાં જ શિક્ષણની શરૂાતથી જ બાળકના મનમાં સુંદર, સ્પષ્ટ લખાણનું મહત્વ અંકિત થઈ જવું જોઈએ. અક્ષરો એટલા સુંદર હોવા જોઈએ કે વાંચનાર લખનાર અને લેખન પર મોહિત થઈ જવો જોઈએ.

હાલની શિક્ષણ વ્યવસ્થામાં સુંદર અક્ષરો શીખવા માટે બુક દરેક ભાષાની મળે છે. ડબલ લાઈનની નોટબુક અથવા ચાર લાઈનની નોટબુકમાં વિધિસર પ્રયત્નો કરાવવામાં આવે તો નાનપણથી બાળકમાં ચીવટ અને કાળજી આવે. કોઈ ખાસ વિશેષ ખર્ચ વગર આ કળા શીખવાને માણવા જેવી છે. આ ઉપરાંત સારી કલમો પેનો હવે ખૂબજ સસ્તા દરે બજારમાં મળે છે. આપણી જ્ઞાતી તથા યુવક મંડળ તરફથી પણ બાળકોને સારી નોટબુકો અને સ્ટેશનરી નિઃશુલ્ક આપવામાં આવે છે.

હસ્તલેખન માટે પણ પદ્ધતિસરની બેઠક, આસન અને લેખન સામગ્રીઓ જોઈએ. આપણે સૌએ મહાભારતની રચના કરતા વ્યાસ મુનિ તથા ગણેશજીનો ફોટો જોયો છે. એક મહાન રચનાને રચતા પૂર્વે જેમ વ્યવસ્થાને માનસિક દઢતા જોઈએ તેવું જ નાની રચના માટે પણ છે. ચાલો ત્યારે આપણે સુંદર, સ્પષ્ટ અને સુવાચ્ય લખાણ માટેના પ્રયત્નો કરીએ એટલું જ નહિ એ જ સંસ્કાર આપણા વારસદારોને પણ આપીએ.

# વસિયતનામું અમલની જવાબદારીમાં એક્ઝીક્યુટરની ભૂમિકાનું મહત્વ

- કિશોર એમ. શાહ (સૉલિસિટર)

આજના યુગમાં દરેક જણે વસિયતનામું કરી લેવું જોઈએ. વસિયતનામું કરવાથી વિલ કરનારની ઈચ્છા પ્રમાણે મુવેબલ અને ઈમુવેબલ પ્રોપર્ટીનું કુટુંબના સભ્યોમાં વિતરણ થઈ શકે છે, ભાગ કરી શકાય છે. વ્યક્તિએ જો વિલ ન કર્યું હોય તો હિન્દુ સકસેન એકટ પ્રમાણે તેની બધી મિલકત શિડ્યુલ્ડ-૧માં જણાવ્યા પ્રમાણેના દરેક સગાંને ભાગે વહેંચવામાં આવે છે, બધાને ભાગ આપવામાં આવે છે.

આમાંના ઘણાં સગાં એવા હોય છે જેને વસિયત કરનાર વ્યક્તિ સાથે સીધેસીધું કઈ લાગતું વળગતું ન હોય કે ન વસિયત કરનાર તેને તેની મિલકતમાં ભાગ આપવા ઈચ્છતી ન હોય છતાં વિલ ન કર્યું હોય તો કુટુંબના સભ્ય તરીકે તે કાયદેસરનો હક માગી શકે છે. આથી વસિયતનામું કર્યું હોય તો મિલકતના ભાગલા વિલ કરનાર પોતાની ઈચ્છા મુજબ કરી શકે છે, આપી શકે છે.

વસિયતનામું કરવા માટે સૌથી મોટું જમા પાસુ એ છે કે વિલ કરનાર વ્યક્તિ ધારે ત્યારે વિલ કરી શકે છે, સમય-સંજોગ બદલાય તો તેમાં ફેરફાર કે રદબાતલ કરી, નવું વિલ પણ બનાવી શકે છે. જ્યારે જ્યારે નવું વસિયતનામું બનાવાય ત્યારે આગલું વિલ આપોઆપ કેન્સલ થઈ જાય.

હિન્દુઓ માટે વારસાગતનો કાયદો હિન્દુ સક્સેશન એક્ટ પ્રમાણે લાગે છે. એમાં જૈન, શીખ અને બુદ્ધિસ્ટો પણ આવી જાય છે. જ્યારે ક્રિશ્ચિયન, યહુદીઓ વગેરે માટે ઈન્ડિય સકસેન એકટ ૧૯૨૫ લાગુ પડે છે.

વિલની પરિભાષા (વ્યાખ્યા) ઈન્ડિયન સક્સેશન એક્ટ ૧૯૨૫ સેક્શન ૨ (એચ)માં આપેલી છે. તે મુજબ વિલ એટલે ગુજરી જનારનું ઈચ્છા મુજબનું લીગલ ડેકલેરેશન ગણાવાયું છે. એમાં અવસાન બાદ વ્યક્તિની મિલકતની વહેંચણી, ફાળવણી અંગેનો સ્પષ્ટ નિર્દેશ લખેલો હોય છે.

હિન્દુ લૉમાં વ્યક્તિ વિલ કરે ત્યારે તેણે પત્ની અને કુંવારા દીકરાઓના નિભાવ માટેની ખાસ વ્યવસ્થા કરી રાખવી પડે છે. દીકરીના લગ્ન થાય ત્યાં સુધીની વ્યવસ્થા કે આયોજન કરી રાખવા પડે છે. કોઈપણ હિન્દુ વ્યક્તિ તેના વિલમાંથી પોતાનાં સગાંને બાદ કરતાં બહારની વ્યક્તિને પણ ઈચ્છા મુજબ ફાળવણી કરી શકે છે.

હિન્દુ સક્સેશન એક્ટ પુખ્ત વ્યક્તિ હોય (૨૧ વર્ષથી મોટી ઉંમર) તો તે વિલ કરી શકે છે. ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિ વિલ નથી કરી શકતી.

હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એક્ટ પ્રમાણે ઘરના અમુક સભ્યો ડિપેન્ડન્ટ કહેવાય છે. તે ડિપેન્ડન્ટ વ્યક્તિઓમાં સૌથી વધુ હક ગુજરી જનારની પત્નીનો હોય છે. પતિના અવસાન બાદ તેની મિલકતમાં પત્નીનો કાયદેસરનો હક બને છે. ગુજરી જનાર વ્યક્તિએ વિલમાં તેની ગેરહયાતીમાં (અવસાન બાદ) પત્નીનું ભરણપોષણ બરાબર થતું રહે એવું આયોજન કરી લેવું જ જોઈએ. અવસાન પામનાર વ્યક્તિના ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો અને અપરિણીત દીકરીઓ પણ ડિપેન્ડન્ટમાં ગણાય છે. આ લોકો માટે પણ વિશેષ પ્રોવિઝન વિલમાં કરી લેવું જોઈએ.

વસિયાતનામામાં સૌથી મહત્ત્વનો સિદ્ધાંત એ છે કે વિલ કરનારના અવસાન બાદ વિલનો અમલ કરવાની

જવાબદારી એક્ઝિક્યુટરની થાય છે. વસિયતનામામાં વ્યક્તિએ મુવેબલ કે ઈમુબલ પ્રોપર્ટી ભેટરૂપે આપી હોય તેને કોન્ટીંજન્ટ ઈન્ટરેસ્ટ કહે છે. આવા કેસમાં વિલ કરનાર જ્યાં સુધી હયાત હોય ત્યાં સુધી સામેવાળી વ્યક્તિને ભેટનો કોઈ હક (માગવાનો) મળતો નથી. વિલ કરનાર વ્યક્તિના અવસાન બાદ જ તેણે સૂચવ્યા પ્રમાણે પ્રોપર્ટી કે રૂપિયા વગેરેની ફાળવણી થાય છે. વારસદારોનો હક એક વર્ષ પછી લાગે છે.

હાલના સમયમાં એક વસ્તુ વિશેષ ધ્યાનમાં લેવી જરૂરી છે અને એ છે કે વસિયતનામું કરનાર વ્યક્તિના અવસાન બાદ એક્ઝિક્યુટરે તેની બધી મિલકત (સ્થાવર કે જંગમ) પોતાના હાથમાં લઈ, મરનાર વ્યક્તિની કરવેરા કે અન્ય જવાબદારીની પૂરેપૂરી ચુકવણી થઈ જાય એ રીતનું આયોજન કર્યા પછી જે માલ-મિલકત બચે તેનો વારસદારોને ભાગ કરી આપવો જોઈએ, વિલમાં લખ્યા પ્રમાણેનો. વસયિત કરનારના અવસાન બાદ તેની કરવેરાની જવાબદારી પરિપૂર્ણ કરવાની એક્ઝિક્યુટરની ફરજ છે. તેણે બધી વિધિ પતે નહીં ત્યાં સુધી આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવું પડે છે.

બીજી એક વસ્તુ એ જોવામાં આવે છે કે વ્યક્તિએ પોતાની હયાતીમાં પાવર ઓફ એટર્ની આપેલી હોય છે. હવે જ્યારે પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિ પોતે અવસાન પામે છે ત્યારે આપોઆપ એ પાવર ઓફ એટર્ની કૅન્સલ થઈ જાય છે એટલે જેની તરફેણમાં પાવર ઑફ એટર્ની આપેલું હોય છે એ વ્યક્તિ તેનો ઉપયોગ નથી કરી શકતી તેમ છતાં જાણતા-અજાણતા વ્યક્તિના અવસાન બાદ પણ તેણે આપેલા પાવર ઓફ એટર્નીનો ઉપયોગ થાય છે. આ વસ્તુ ગેરકાયદેસર ગણાય છે.

## અંજાર જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ દ્વારા મેગા મેડીકલ કેમ્પ યોજાયો

અંજાર જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ દ્વારા મેગા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં સમસ્ત જૈન સમાજની બહેનોના આરોગ્યને ધ્યાનમાં લઈ હૃદયરોગ નિષ્ણાંત તથા મહિલા ગાયનેક ડૉક્ટર દ્વારા ઈસીજી તપાસ, કોલેસ્ટ્રોલ, બ્લડસુગર, કિડની ટેસ્ટ કેલ્શીયમ, થાઈરોઈડ, બ્લડ પ્રેસર, હિમોગ્લોબીન, હાઈટ, વેઈટ તથા મહિલાઓને લગતી શારીરીક સમસ્યાઓની તપાસ કરવામાં આવેલ. આ કેમ્પમાં ૧૪૦ બહેનોએ લાભ લીધેલ કેમ્પમાં ફક્ત રૂા. ૧૦૦ ટોકન ચાર્જ રાખવામાં આવેલ હતો. સામાન્ય રીતે આ ચેકઅપનો ખર્ચ અંદાજીત રૂા. ૧૫૦૦/- થાય છે.

અંજારના સેવાભાવી ડોક્ટરો વિરેન્દ્ર ઝોટા અને ડો. અભિધાબેન અંજારીયાએ પોતાની સેવા આપી હતી. અંબિકા લેબના ટેક્નીશીયન નેહલભાઈએ પોતાની સેવા તથા કેમ્પ માટે પુરતું માર્ગદર્શન પુરું પાડેલ હતું.

જે.જે.સી સેન્ટ્રલ બોર્ડના આર્થીક સહયોગ તથા અંજાર શહેરના જૈન સમાજના દાવનીર દાતાઓ મહાવીર ડેવલેપર્સ જીગ્નેશભાઈ આર. દોશી તથા નાનાલાલ ભગવાનજી દોશી પરિવાર તથા અંજલી ગ્રુપ દયાબેન પ્રાણલાલ શાહ પરિવારે કેમ્પને સફળ બનાવવા આર્થિક યોગદાન પુરું પાડેલ હતું. જે.સી.સી.લેડીઝ વિંગના પ્રેસીડન્ટ દક્ષાબેન ચુડગર, સેક્રેટરી જયશ્રીબેન હરીયા, પ્રોજેક્ટ ચેરપર્શન સંગીતાબેન શાહના નેજા હેઠળ તમામ કારોબારી સભ્યોએ તથા ગ્રુપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# नन्दिवर्धन का आर्त ध्यान

## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

पावापुरी के हस्तिपाल राजा ने, समय रहते उत्कृष्ट भाव से, भगवान महावीर स्वामी की, अन्तिम चातुर्मास कि विनंती की। भगवान ने विनंती स्वीकार कर, अन्तिम समय में आस पास के सभी राजाओं को बुला लिया। छतीस देश के राजा अपने राज परिवार सहित पावापुरी में भगवान महावीर की अन्तिम देशना में उपस्थित थे, तथा उनका का अन्तिम समय जान सभी ने छठ तप कर देशना सुनी, और पुरा लाभ लिया।

अन्तिम देशना में राज गृही नगरी के राजा, नन्दी वर्धन भी उपस्थित थे, देखते ही देखते भगवान के निर्वाण का समय आ गया। कहते है - दुनिया में जो वस्तु अपने पास है, उसका महत्व हम समझ नहीं पाते, किन्तु जब उसे खो ेते है, तब उसका महत्व अपने जीवन में कितना था, उसका पता लगता है। ठीक इसी तरह भगवान को खोने के बाद, नन्दीवर्धन बहुत दुःखी हो गये, रोने लगे, विलाप करने लगे। लेकिन क्या हो सकता है? प्राण गये हुये वापस नहीं आते है और किसी प्रिय व्यक्ति को खोने के बाद मन विचलित हो जाता है, और उनके प्रति चुके कर्तव्यों को याद कर, मन दुःखी दुःखी बन जाता है, यहाँ नन्दी वर्धन के दुःख का पार नही था, भाई को खोकर वे बहुत पछता रहे थे, एवं उनका मन उद्वेग से भर चूका था। भाई के साथ बिताये, एक एक क्षण उन्हें याद आ रहे थे, और याद करते करते वे और दुःखी हो जाते थे।

नन्दीवर्धन सोचनें लगे, में कैसा अभागा मैने अपने भाई- जो दीक्षीत हो गये छे, वे केवली थे, भगवान थे, चरम तीर्थंकर थे, उनके प्रति मेरे जो कर्तव्य थे, में उन्हें भुला बैठा। मैने अपने कर्तव्यों का, ठीक से निर्वाह नहीं किया, और भगवान के एक एक गुणों को, ग्लानी भरे मन से याद कर कते नहीं थे। वे सोंच रहे थे, मेरा भाई कितना समझदार था, जब तक माता-पिता रहे, तब तक उन्होंने गृहस्थ जीवन नहीं छोडा, क्योंकि वे अपने माता-पिता को, कष्ट एवं दुःख पहुँचाना नहीं चाहते थे। सर्वज्ञी ने तो माता के गर्भ में ही, संकल्प ले लिया था, कि - जननी, जनक छता नहीं करुँ, संसार से किनारा। लेकिन अठ्ठाईस वर्ष की उम्र में, जब माता-पिता चल बसे, तब वर्धमान ने बाई नन्दावर्धन के पास जाकर संसार छोड संयमी बनने की अनुमति माँगी, किन्तु नन्दी वर्धन कहने लगी - अभी हम माता-पिता की मृत्यु के शोक से बाहर नहीं आयें है। मै तुम्हारा विरह सहन नहीं कर सकूँगा, और मैं अकेला हो जाउँगा, अभी तुम दो वर्ष और हमारे साथ रहो। उस समय भगवान अपने भाई और परिवारजनो को दुःखी नहीं देखना चाहते थे, इसलिये भाई की आज्ञा स्वीकार कर, दो वर्ष और परिवारजन के साथ बिताये। तब भगवान ने सचित आहार एवं पानी का त्याग किया।

इस तरह नन्दीवर्धन एवं वर्धमान के, गृहस्थ अवस्था के जीवन के कई क्षण थे, कई बाते थी, जिन्हें याद करते-करते नन्दीवर्धन विलाप करने लग जाते। भगवान का अन्तिम क्षण और उस समय की सारी क्रियाओं को देखकर वे और अधिक गंभीर हो गये।

पावापुरी मे अन्तिम देशना के समय उन्होंने भी दो उपवास किये। कार्तिक सुदी एकम के दिन देह विलय हुआ। तिसरा दिन तिसरा उपवास नन्दीवर्धन अब आहार लेने के लिये तैयार नहीं थे। परिवार जनों नें बहुत समझाया, परन्तु उन्होंने पारणा नहीं किया, और न ही आहार लिया।

वे परिवारजनों को कहने लगे, मेरा भाई भगवान था, मैं उनको समझ नहीं पाया, मुझे भी दीक्षा लेकर उनकी सेवा

करनी थी। हमारे से बडी चुक हुयी, यहाँ तक में उनका अन्तिम चातुर्मास भी नहीं करवा सका। मैं कैसा अभागा हूँ, जीवन में वर्धमान ने मेरी हर बात मानी, किन्तु मैं उनके लिये कुछ भी नहीं कर सका, मुझे अब जीना नहीं है, और मैं अपने लघु भ्राता के बिना जी नहीं सकता। इस तरह की अनेको बातों का चिन्तन करते हुये, विलाप करने लगे, रुदन करने लगे, किसी के समझाये समझने का नाम नहीं लेते थे। कार्तिक सुदी एकम के दिन, उन्हें कोई भी मना नहीं सके, नन्दीवर्धन आर्त ध्यान में थे, उन्हें भाई के प्रति अनुराग था, उन्होंने आहार का त्याग कर दिया था।

परिवार कि विकट परिस्थिति को देखकर, बहन सुदर्शना ने भाई नन्दीवर्धन को अपने घर बुला लिया, और समझाने का प्रयास करने लगी। भाई इतना आर्त ध्यान अच्छा नहीं, भगवान आपके भाई ते, तो मेरे भी भाई थे। उन्होंने अपना कार्य सिद्ध कर लिया, अब हमें उनकी प्रेरणा से अपने कार्य सिद्ध करने है, आपके उपर परिवार का बौझ है। आपको पारिवारिक धर्म का पालन करना होगा, आप घर में बडे है, और बडे होने नाते आप, अपनी जवाबदारी से वंचित नहीं हो सकते। उस दिन सुदर्शना अपने भाई नन्दीवर्धन को पाट पर, बैठा कर तिलक लगाती है, और कहती है, कि यह आपके लिये रक्षा कवच है, आप परिवार की रक्षा करों, और आपकी रक्षा यह तिलक करेगा। पश्चात् उन्हें समझाकर थोडा खाना खिलाती है।

इस तरह नन्दीवर्धन मान जाते है, और कार्तिक सुदी दुज के दिन उन्होंने बहन के यहाँ खाना खाया, उस समय से इस दिन का नाम भाईदूज पडा। और यह प्रथा छब्बीस सौ वर्ष के बाद भी वर्तमान में चल रही है, अब हर बहनें भाई दूज के दिन अपने घर बुलाती है, उसे तिलक करती है, और खाना खिलाती है। भाई बहन को आशीर्वाद देता है, बहन भाई के लिये लम्बी उम्र की कामना करती है, साथ ही उसे तिलक कर, रक्षा करवच प्रदान करती है, इससे भाई को सम्बल मिलता है, भाई बहन के प्यार का त्यौहार, जिसकी कथा भगवान महावीर के निर्वाण से जुडी है।

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ પ્રેરિત**

**જૈન જાગૃતિ સેન્ટર - ધ્રાંગધ્રા આયોજીત**

**સાતમો સમસ્ત જૈન અપરિણીત યુવક - યુવતી પરીચય મેળો રવિવાર, તા. ૬-૧-૨૦૧૯**

આ પરીચય મેળો અમારા માટે માઈલસ્ટોન હોઈ અતિ વિશિષ્ટ છે, આપની ઉપસ્થિતિથી અમારા પ્રોગ્રામની શોભા વધશે. તો આપ અમારા આ અગ્રિમ નિવેદનનો સ્વીકાર કરી આપના અતિ વ્યસ્ત કાર્યના કેલેન્ડરમાં આ તારીખ અંકિત કરી નોંધી રાખશો. આપની હાજરી અતિ જરૂરી અને આવશ્યક છે.

જૈન જાગૃતિ સેન્ટર - ધ્રાંગધ્રા દ્વારા '૭'માં

સમસ્ત જૈન અપરિણીત યુવક-યુવતી પરીચય મેળાનું આયોજન કરેલ છે.

આ પ્રોગ્રામમાં આપનો સ્નેહ ભળે અને આપશ્રી પધારશો ધ્રાંગધ્રાના આંગણે, તો આપને મળવાથી અમારા આનંદ અને ઉત્સાહમાં વધારો થશે. આપશ્રીને આ પરીચયમેળાની વિગતવાર આમંત્રણ પત્રિકા તો અવશ્ય મળશે જ પરંતુ આપશ્રી આપના વ્યવહારીક ધંધાકીય વ્યસ્તતામાંથી સમય કાઢી પરીચય મેળામાં આવવાની ગોઠવણ કરી આ પ્રોગ્રામમાં અવશ્ય હાજરી આપી શકો તેથી આપશ્રીને આ આગોતરૂં આમંત્રણ પાઠવીએ છીએ. તો આપશ્રી અમારૂ આમંત્રણ સ્વીકારી આપનો કાર્યક્રમ બનાવી અવશ્ય પધારશોજી.

**તા. ૬-૧-૨૦૧૯ને રવિવાર, સવારે ૯થી બપોરના ૪ સુધી**

**સંપર્ક : પ્રમુખશ્રી વસ્તુપાળ એમ. ગાંધી - મો. ૯૪૨૭૩૭૬૬૯૮**

# ગુજરાતી ભાષાનું ભવિષ્ય

જ્યોતિલા ખારોડ

૧૯૬૮ની એટલે કે ચાળીસેક વર્ષ પહેલાંની વાત છે. વાત બિલકુલ અંગત છે, એટલે શરૂઆત આ વાતથી કરવી, ન કરવી તેની અવઢવ બહુ રહી. પણ વિષયને સ્પર્શતી હોવાથી આ વાત લખવી જ જોઈએ, એમ લાગ્યું.

લગભગ ૧૯૬૬માં અમદાવાદની સ્કૂલ ઓફ આર્ટિટેક્ટમાં સિસ્ટર કૉન નામના વિઝિટિંગ પ્રોફેસર આવ્યા. ૪-૫ વર્ષનું રોકાણ હતું એટલે એમનાં પત્ની રૂથ કૉને અંગ્રેજી મીડિયમની નર્સરી, કે.જી., શરૂ કર્યાં. પાસે હોવાને કારણે, ચાલતા જ લેવા જવાનું સરળ પડે તેથી અમે અમારા નાના પુત્રને ત્યાં મૂક્યો. એ વર્ષ જોતજોતામાં પૂરાં થઈ ગયાં. રુથ કૉને દરેક માબાપને પુછાવ્યું કે તેઓ તેમની શાળામાં તેમના બાળકને ચાલુ રાખવા માગે છે કે કેમ ? અમે 'ના'નો જવાબ લખી મોકલ્યો. એમણે અમને રૂબરૂ મળવા બોલાવ્યાં. અને અમને અમારા આ અભિપ્રાય અંગે પૂછ્યું. અમે અમારી વિચારસરણી રજૂ કરી. અમે માનતાં હતાં કે શાળાકીય શિક્ષણ જો માતૃભાષામાં બાળક લે તો તેની ઓછી મહેનતે વધુ મળે, સમજણ સ્પષ્ટ રહે, અને તે સહજપણે આગળ વધી શકે.

અમારા આશ્ચર્ય વચ્ચે એમણે અમને ખૂબ અભિનંદન આપ્યાં અને કહ્યું કે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ભણાવવાની ઘેલછા છે. પોતે ઘણા દેશોમાં ફર્યા છે, પણ આવી ઘેલછા તેમણે અહીં જ જોઈ. તેમણે ત્યારે જે કહ્યું તે બરોબર યાદ છે : 'ગુજરાતી માધ્યમમાં ભણતું તમારું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળક કરતાં જ્યારે અભ્યાસ પૂરો કરશે ત્યારે ક્યાંય આગળ હશે.' અમે તો ખરેખર મીઠાં ફળ ચાખ્યાં. પણ દુઃખદ વાત એ છે કે અંગ્રેજી માધ્યમમાં બાળકને શિક્ષણ દેવાની વાતે એટલું તો જોર પકડ્યું છે કે અંગ્રેજી ન જાણતાં માબાપ પણ બાળકને અંગ્રેજી માધ્યમમાં ધકેલે છે અને આપણે આપણી માતૃભાષાથી દૂર, વધુ ને વધુ દૂર જતા જઈએ છીએ. તેનાથી વિખૂટા પડવા માંડ્યા છીએ.

અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. ભૌતિક અને બૌદ્ધિક વિકાસ માટે તેની જરૂર છે, એની ના જ નથી, પણ એ જેટલું જરૂરનું છે તેથીય વધુ તાતી જરૂર આપણા 'ગુજરાતી'ને મહત્ત્વ આપવાની છે. માને મૂકીને માસીને થોડી પૂજાય ? પણ આપણી માનસિક્તા જ આ પ્રકારની થઈ ગઈ છે. માતૃભાષા, માતા અને માતૃભૂમિનું પ્રદાન વ્યક્તિના જીવનમાં ખૂબ જ મહત્ત્વનું છે. ઊલટા ક્રમમાં લઈએ તો માતૃભૂમિ દ્વારા આપણે આપણી ઓળખને જાળવી રાખીએ છીએ. માના ધાવણ અને માવજતથી ક્લેવર ઘડાય છે, મમતાના – સમજણના પાઠ મળે છે. અને માતૃભાષા (એટલે કે આપણે તો ગુજરાતી જ ને!) આપણને આપણા ઘર અને આપણા સમાજ સાથે જોડાયેલા રાખે છે. માતૃભાષા એટલે કે ગુજરાતીને જો ઉવેખશું તો ઘરમાં પણ પરદેશી બની જઈશું. ગુજરાતી ભાષાને લીધે જે સંસ્કાર – આદર્શનાં બીજ બાળપણથી રોપાય અને પછી વૃક્ષ બનીને ફાલે અને મીઠાં ફળો આપણે ચાખીએ અને બીજાને, પછીની પેઢીને પણ આપીએ, તેનું વર્ણન શબ્દાતીત છે.

ગુજરાતી સાહિત્ય ખેડાયેલું સાહિત્ય છે. નરસિંહ–મીરાં–અખો–ભોજો–દયારામ–નર્મદ–ક.દ.ડાથી માંડીને ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ, ઈશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા, સ્નેહરશ્મિ, ઉમાશંકરભાઈ વગેરેએ ગુજરાતના મધુર ગૃહસંસાર, ધર્મ, આદર્શો, સંસ્કારની મોકળે મને લ્હાણી કરી છે, અને આપણને સંસ્કારસમૃદ્ધ બનાવ્યા છે. આ તો થોડાં જ નામો લખ્યાં છે. ગુજરાતી ભાષાએ આપણા મન અને હૃદયને વિશાળ બનાવ્યાં છે. તેથી જ આ ભાષાને વરેલા આપણે સૌએ જુદા જુદા પ્રાંતમાંથી, પરદેશથી આવેલા સૌને આપણા પોતીકા એટલી હદે બનાવ્યા છે કે તેઓ અહીં જ પોતાનું ઘર બનાવી વસી જાય છે. આવનારને 'આવો'નો મીઠો આવકાર અને જનારને 'આવજો' કહી વિદાય આપતા પાછા આવવાનું ઈજન ગુજરાતી ભાષા જ આપી શકે. એને બદલે 'હાય' અને 'બાય' આપણે અપનાવી લીધાં છે. પણ એ કોણ જાણે 'આવો' 'આવજો' જેવું સહજ નથી લાગતું.

આવું જ ચાલ્યા કરે તો ગુજરાતી ભાષાના ભવિષ્ય વિશે વિચારતાં થથરી જવાય. અંગ્રેજી ભાષા પ્રત્યે માબાપનું વળગણ એટલું વધી ગયું છે કે ઘરમાં પણ અંગ્રેજીમાં વાતચીત કરવાનો આગ્રહ રખાય છે. અધકચરું ગુજરાતી – અંગ્રેજી બોલતાં બાળકો

આપણને ઊંચા લાગે છે. ગુજરાતી ભાષાના માધ્યમવાળી શાળામાં બાળકો ભણે છે કહેતાં તો માબાપ જાણે કોચલું વળી જાય છે. એટલી બધી લઘુતાગ્રંથિથી આપણે પીડાતા થઈ ગયા છીએ. કડઝ્ડક્ટ્ગ્રડજ્રકડ ણૂડક્ટહૈક્ટઠધ્ડણૂડહ્ઠડને આપણે અંગ્રેજી ભાષામાં રૂપકડું નામ આપ્યું છે : ક્ત્થ્ક્ટુક્ટ્તણ્દ્ક્ટ્દણ્ષ્ટ આપણા બૌદ્ધિક, ભૌતિક વિકાસ માટે આ ખૂબ જરૂરી પણ છે, પણ આપણે સૌ તો એ વિકાસની પાછળ એટલા ગાંડા બની ગયા છીએ કે 'અંગ્રેજી... માત્ર અંગ્રેજી'ની માળા જપતા થઈ ગયા છીએ. આમ જ થશે, અને ચાલતું રહેશે, તો ગુજરાતી પણ સંસ્કૃતની જેમ જ મૃત ભાષા બની જશે.

હમણાં જ રમેશભાઈ સંઘવી સંપાદિત 'અમી ઝરણાં' નામનું પુસ્તક વાંચતી હતી. ગાગરમાં એમણે સાગર સમાવ્યો છે. તેમાં ઉદયન ઠક્કરની કાવ્યપંક્તિઓ ટાંકવાની લાલચ રોકી શકાતી નથી. એમની ક્ષમાયાચના સાથે એ ટાંકવાની તક લઉં છું :

'ગુમાઈ છે, ગુમાઈ છે, ગુમાઈ છે,
કોન્વેન્ટ સ્કુલના કંપાઉન્ડમાંથી
પલક મીંચવા – ઉઘાડવાની
કોઈ એક ક્ષણે ગુજરાતી,
લખતી વાંચતી એક પેઢી,
નિશાની છે, 'કાનુડાએ કોની મટુકી ફોડી ?'
એમ પૂછો
તો કહેશે, 'જેક એન્ડ જીલની'
ગોતીને પાછી લાવનાર માટે
કોઈ ઈનામ નથી
કારણ કે એ હંમેશ માટે ગુમાઈ ચૂકી છે.'

ભાષાને સંસ્કૃતિ-સંસ્કાર-સમર્પણ-મમતાનું ભાથું બંધાવનાર, માતા માનનારા દરેક માટે આ આંખ ઉઘાડનાર છે. અત્યારે ગુજરાતી માટે જે પરિસ્થિતિ છે તેનું એમણે કરવું જોઈએ તેવું સચોટ વર્ણન કર્યું છે. ગુજરાતી ભાષા મૃતઃપાય ન બની જાય તે માટે ભેખ લેનારાની સંખ્યા પણ ઓછી નથી. ફાધર વાલેસ અહીં રહ્યાં ત્યાં સુધી ગુજરાતી ન હોવા છતાં પણ પૂરા ગુજરાતી બન્યા. ગુજરાતી ભાષામાં, ગુજરાતની સંસ્કૃતિ - સંસ્કારને પૂરેપૂરાં ઉતાર્યાં. ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજળું રહે તે માટે શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જે પ્રયાસો 'અર્ધી સદીની વાંચનયાત્રા' દ્વારા કરે છે તે સરાહનીય અને વંદનીય છે. મહેન્દ્રભાઈ સાથે શ્રી રમેશભાઈ સંઘવી પણ જોડાયા છે. જો હાથમાં આવે અને નજર ફેરવવાની તસ્દી લઈએ તો ગુજરાતી સાહિત્યમાંથી મંથન કરીને તારવેલા નવનીત પર આપણે જરૂર ઓવારી જઈએ, એના મીઠા આસ્વાદને મન ભરીને મમળાવીએ. અને કહીએ કે આપણું ગુજરાત પણ કંઈ કમ નથી. પૂ. મોરારિબાપુ અને શ્રી રમેશભાઈ ઓઝા એવી વિરલ વ્યક્તિઓ છે કે જેમણે ધર્મને સરળ રીતે જનતા સુધી પહોંચાડવા ગુજરાતનાં સુપ્રસિદ્ધ કવિઓના કાવ્યો, શેર-શાયરીઓનો ઉપયોગ કર્યો છે અને ગુજરાતીમાં રસ લેતા કરવા માટે પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો છે. આપણું સદ્‌ભાગ્ય છે કે શ્રી નારાયણભાઈ દેસાઈ જેવા સમર્થ સાહિત્ય સ્વામી પણ આપણી ગુજરાતી ભવિષ્યમાં ખોવાઈ ન જાય તે માટે પુષ્કળ પ્રયાસો કરે છે. કોનાં નામ ગણાવીએ – કોનાં કોરાણે મૂકીએ ? એટલી સંખ્યામાં આપણા સાહિત્યકારો ગુજરાતી ભાષાની ગરિમાને ગૂંજતી રાખવાના પ્રયાસોમાં છે.

પણ ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજ્જવળ રાખવું હોય તો સહુથી સંનિષ્ઠ પ્રયાસો ઘર અને શાળામાં થવા જોઈએ. અંગ્રેજી માધ્યમમાં બાળક ભણે ભલે, પણ ગુજરાતી ભાષામાં સરસ મજાનાં જોડકણાં, સરસ વાર્તાઓ - બકોર પટેલની બાલવાર્તાઓ, ગીજુભાઈ બધેકાની બાળવાર્તાઓ, રમણલાલ સોનીની કલ્પનાસભર બાળવાર્તાઓ અને બાળગીતોથી, માબાપ બંને થોડો સમય કાઢીને બાળકોને પણ પરિચિત કેમ ન કરાવે ? સ્નો-વ્હાઈટની વાર્તા માટે બરફના પ્રદેશમાં જવું પડે, જે આપણે માટે અપરિચિત માહોલ છે. 'ગોળ કેરી ભીતલડી, શેરડી કેરા સાંઠા, ટોપરડે તો છાપરી છાઈ, બચ્યાં બારણાં ઉઘાડો' આપણો પરિચિત માહોલ. પરિસ્થિતિ શબ્દો, બાળકોને જરૂર વધુ ગમે જ. આપણામાંથી જે મળતું હોય તેનાથી બાળકોને પરિચિત કરશું તો ગુજરાતી પણ તેમને ગમશે, એ માટેની તેમની વાંચનભૂખ પણ ઊઘડશે અને નવું શોધવાની અને વાંચવાની ઝંખના જાગશે. એક વાત આપણી ગુજરાતી પ્રજા માટે કહેવાય છે, 'જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત.' પ્રીતિ સેનગુપ્તા કે પન્નાનાયક અમેરિકન સિટિઝન હોવા છતાં ગુજરાતીને ભૂલ્યાં નથી અને પ્રવાસવર્ણનો દ્વારા અને કાવ્યો દ્વારા સમૃદ્ધ નજરાણાં ધરે જાય છે. એ ગુજરાતી ભાષા માટે ઓછા ગૌરવની વાત નથી.

ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો, અસ્મિતાનો બાળકોને ખ્યાલ આવે એટલા માટે અંગ્રેજી માધ્યમ હોય કે ગુજરાતી માધ્યમ, બંનેમાં ઈતિહાસ-ભૂગોળ જેવા વિષયો ગુજરાતીમાં શીખવવા જોઈએ અને તે પણ સરળ અને રોચક રીતે, તો બાળકોને ઈતિહાસ, ભૂગોળમાં જરૂર રસ પડે જ, અને જે તે વિષયો વિશે તે વધુ વાંચવા પ્રેરાય અને ગુજરાતી ભાષાને તે વધુ આત્મસાત કરે. ભાષા જ વ્યક્તિનું ઘડતર કરે છે. હમણાં હમણાં આપણે ત્યાં ક્ક.દ્ર. અને ઋ.દ્ર. બે શબ્દોની બોલબાલા છે. ક્ક.દ્ર. એટલે બુદ્ધિ ક્ષમતા તો અંગ્રેજી કે ગુજરાતી કોઈની પણ તેની બુદ્ધિમતા પર આધાર રાખે છે. પણ ઋ.દ્ર. એટલે કે સંવેદનશીલતાનું શું ? મારા મતે સંવેદનશીલતા આપણા માટે જરૂરી છે, અને તે આપણી ગુજરાતી ભાષા દ્વારા જ મળે છે. બાળપણની વાત કરીએ તો બાળક જ્યારે 'બા મને ચપટી વગાડતાં આવડી ગઈ' કે 'પેલાં પંખીને જોઈ મને થાય...' ગાય તો મા સાથે કે પંખી સાથે તે પૂરું ઓતપ્રોત થઈ જાય છે, અને બાળપણનો આનંદ સહજ તેને મળી રહે છે. યૌવનનો ઉલ્લાસ, રોમાંચ 'તારી આંખનો અફીણી' કે 'સાંવરિયો રે મારો સાંવરિયો, હું ખોબો માંગુ ને દઈ દે દરિયો' જેવા ગીતો વડે જ અનુભવાય. અને પ્રૌઢાવસ્થાની ધીરગંભીરતાને 'હિમાલયનો પ્રવાસ', 'ધરતીની આરતી' જેવા માહિતીસભર પુસ્તકો જ ઘરવી શકે. વૃદ્ધવસ્થાને ઉંબરે પગ મૂકેલી માતા અને રજાઓ દરમિયાન પુત્ર-પુત્રીઓ આવ્યાં, તેમને વળાવીને પગથિયે બેસી ગયેલી માતાનું હૃદયસ્પર્શી વર્ણન 'વળાવી બા આવી' જેવાં કાવ્યોમાં જ મળે. અંગ્રેજી સાહિત્યમાં આ બધું છે, પણ આપણી ભાષા સાથેની આપણી આત્મીયતાને કારણે આપણે જુદા જુદા વખતની સંવેદનશીલતાને વધુ સારી રીતે અનુભવી શકીએ છીએ.

માતૃભાષા જ સંબંધોને આગવાં નામ આપે છે. મામા-મામી-કાકા-ફોઈ-ફુવા-ભાણેજ-ભત્રીજા, નણંદ-ભોજાઈ અને બીજાં અનેક નામ સંબંધોને અપાયાં છે. અને આ નામકરણને કારણે જ સંબંધો વધુ વ્હાલપભર્યા બન્યા છે. સંબંધોની મીઠાશ કેમ ગુમાવાય ? સંસ્કૃત છોડીને ઘણું ગુમાવ્યું છે. એ ભાષાના સુભાષિતોએ આપણને ઘણું આપ્યું છે. આપણી ગુજરાતી પણ આપણને સતત આપ્યે જ રાખે છે. ગુજરાતનું વાતાવરણ, ગુજરાતનું ગૌરવ ગુજરાતીને લીધે છે. ગુજરાતી છે તો ગરબે ઘુમાય છે, ગીતો ગુંજાય છે, લોકસંગીત - લોકગીતોની - લોકવાર્તાઓની લહાણી થાય છે. ગરબામાં પણ હીંચ - હુડો - ઘોડો જેવા પ્રયોગો થાય છે. રવિન્દ્રનાથ ટાગોર આપણી ગરબે ઘૂમતી ગુજરાતણોને જોઈ ઘેલા બન્યાં હતાં. ગુજરાતીઓનો સ્વભાવ ગાજવાનો નથી તેથી આપણે આપણી ભાષાને ગજવી નથી. ઘણી વખત ગુજરાતી કુટુંબોની વાતોને વર્ણવતી ટીવી સિરિયલ જોઉં છું ત્યારે આપણી ગુજરાતી જાત માટે ગુસ્સો આવે છે. ઝઘડાઓ - કાવાદાવા, પ્રેમની વિકૃત રજૂઆત, પંચાત એ જાણે ગુજરાતી પ્રજાની ખાસિયત હોય તેવી રજૂઆત ટીવી પર થતી હોય છતાં આપણા પેટનું પાણીયે ન હલે ? અમારી ભાષામાં કાકમંજરી છે, મુંજાલ-મીનળદેવી છે, કોકિલા છે, રુદ્રદત્ત છે, રંજન છે, ચંદા છે, અમારી ગુજરાતી ખમીરવંતી છે, એનો અહેસાસ થોડે ઘણે અંશે પણ પ્રસાર માધ્યમો અને પ્રચાર માધ્યમોને આપણે કરાવી શકીએ તો આવી વાહિયાત સીરિયલો બંધ થાય. ગુજરાતી ભાષાનું ગૌરવ અને તેની નમણાશ સહુને જાણવા અને માણવા મળે. જે તે સમયના સાંપ્રત સમાજનું આબેહૂબ વર્ણન એ તો ભાષા અને સમાજદર્શન પરની લેખકની અજબ પકડ બતાવે છે.

આપણી ભાષા જો નબળી પડશે, તો આપણે જ ગુમાવવાનું રહેશે. આ માટે, નાનાં-મોટાં, યુવાન-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર સહુ કોઈએ આપણી ગુજરાતી માટે, તેના અસ્તિત્વ માટે ઝઝૂમવાનું રહેશે અને નર્મદના શબ્દોમાં જ કહું તો 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યાહોમ કરીને પડો ફતેહ છે આગે' - આપણી ગુજરાતીનું ભવિષ્ય ઊજળું જ રહેશે અને તેના થકી આપણે ઊજળા જ રહીશું. સમાપન કરું છું, ત્યારે ગાંધીજીએ બીજા સંદર્ભમાં કહેલાં વાક્યો યાદ આવે છે. કેટલું જોમ-કૌવત છે એ વાક્યોમાં ? 'દેશ-વિદેશની સંસ્કૃતિના વાયરા શક્ય એટલી મુક્ત રીતે મારા ઘરમાં વહે એવી મારી પણ ઈચ્છા છે પણ તેના કારણે મારા પગ મારી ભૂમિમાંથી ઊંચકાઈ જાય અને હું દૂર ફંગોળાઈ જાઉં, એની સામે મારો સખત વિરોધ છે, એ હું હરગીજ સહન ન કરું.'

આપણી ગુજરાતીને સમૃદ્ધ-જીવંત રાખવા માટે આપણે પણ એવું જ કંઈક નક્કી કરીએ. બધી સંસ્કૃતિ, બધી ભાષાઓ માટે ગુજરાતનાં બારણાં હંમેશાં ખુલ્લાં છે પણ અમારી ગુજરાતીને ભોગે તો હરગીજ નહીં.



# સ્માર્ટ પ્લસ

વયસ્કો માટે સ્માર્ટ ફોન, ટેબલેટ અને કોમ્પ્યુટર પ્રશિક્ષણ

## કોર્સ ની વિશેષતા:

- વોટ્સએપ
- જી-મેઈલ
- યુ-ટયુબ
- પ્લે સ્ટોર
- મેક માય ટ્રીપ
- ઓલા / ઉબેર
- ગુગલ મેપ્સ
- ઝોમાટો
- ગુગલ
- એમેઝોન

(અને ઘણુબધુ......)

૧૦ સેશન્સ + ૧ ટ્રાયલ મફત

**સંપર્ક:**

સંજના મહેતા – +91 9819116641

**પ્રશિક્ષણ સ્થળ:**

આશિષ બિલ્ડીંગ,
બાપુભાઈ વશી રોડ,
વિલે પારલે (વેસ્ટ), મુંબઈ – 400056

ADVT

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | રાજ નરેશ શાહ, ૨૨-૯-૧૯૮૬ ૬'-૦૨''<br>સી.એ. બી.કૉમ. - | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - સૌરાષ્ટ્ર | (ઘર) ૦૨૨૨૫૧૪૯૦૧૮<br>(મો) ૯૩૨૪૩૧૫૭૭૭ |
| ૨) | ભાવીન હસમુખ શાહ, ૨૮-૧-૧૯૭૬, ૫'૯''<br>M.B.A. (Finance) સર્વિસ (શનિ છે) | વીજાપુર સ્થા. વીશા. સ્થા. જૈન<br>મનસા - મુંબઈ | (ઘર) ૦૨૨૨૬૧૪૯૯૬૯<br>(મો) ૯૩૨૧૦૬૬૫૫૨ |
| ૩) | નીમેષ ભાલચંદ્ર શાહ, ૨૦-૫-૧૯૮૧, ૫'૮''<br>B.Com. Computer Engg., સર્વિસ | વૈષ્ણવ<br>સૌરાષ્ટ્ર - મલાડ | (ઘર) ૯૮૧૯૦૭૪૬૬૫<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૪) | ઉમંગ કિશોરભાઈ સોની, ૧૯-૧૨-૮૦, ૫'૮''<br>B.Com. Computer (Share Market) | વૈષ્ણવ<br>સૌરાષ્ટ્ર - મુંબઈ | (ઘર) ૯૯૨૦૭૫૫૩૨૪<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૫) | દેવાંગ કે. સાંઘાણી, ૧૭-૩-૧૯૮૦, ૫'૫''<br>B.C. Diploma HSC | જૈન<br>સૌરાષ્ટ્ર - સાયન | (ઘર) ૯૮૯૨૪૯૧૮૩૮<br>(મો) ૯૨૨૧૦૪૦૧૭૬ |
| ૬) | પ્રણવભાઈ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૬'<br>Bcom છૂટાછેડા | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>ટાકરવાડા-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૭) | મિનય મહેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૮) | વૈભવ એચ. ઠક્કર,૧૦-૩-૧૯૮૪, ૬'-૦''<br>BEIT, MBA, Finance | સ્થાનકવાસી જૈન<br>જામનગર - ઘાટકોપર | (ઘર) ૨૫૦૯૦૨૮૪<br>(મો) ૯૮૯૨૦૨૭૧૨૦ |
| ૯) | વીરેન પ્રવીણચંદ્ર શાહ (દેઢીવાળા),૧૫-૬-૧૯૭૭, ૫'૬''<br>B.Com. PGDCA. MCSD સર્વિસ | ઝાલાવાડી સ્થા. જૈન<br>થાનગઢ - બોરીવલી | (ઘર) ૦૨૨૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૨૧૬૭૯૫૦૮ |
| ૧૦) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સેલ્સ મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૨) | રાજ નરેશ શાહ, ૨૨-૯-૧૯૮૬ ૬'-૦૨''<br>સી.એ. બી.કૉમ. - | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - સૌરાષ્ટ્ર | (ઘર) ૦૨૨૨૫૧૪૯૦૧૮<br>(મો) ૯૩૨૪૩૧૫૭૭૭ |
| ૩) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઈમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૪) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી | (ઘર) --<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૬) | ધારા રાજેશ શાહ, ૨૯-૪-૮૬, ૫ -૬'<br>IT Bachelor of Engg. | જૈન દેરાવાસી<br>મુંબઈ | (ઘર) ૯૮૩૩૮૮૦૫૫૦<br>(મો) ૯૭૬૯૧૧૨૩૭૨ |

25 years
Silver Jubilee Celebration
JJC JUHU BEACH

# JJC JUHU BEACH Office Opning



advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018




જ્યાં કુદરત મનભરીને વરસી છે એવા

# મેઘાલય આસામ અરૂણાચલ

## મુંબઇ - ગૌહાટી - મુંબઇ વિમાન પ્રવાસ દ્વારા

(દિવસ - ૧૨)

તેજપુર, દિરાંગ, તવાંગ, બોમ્ડીલા,
ઇંડિયા-ચાઇના બોર્ડર,
ઇંડિયા-બાંગ્લાદેશ બોર્ડર, કલીન વિલેજ,
કાઝીરંગા નેશનલ પાર્ક, શિલોંગ,
ચેરાપુંજી સાથે ભરપુર લોકલ સાઇટ સીન

- સેન્ટ્રલી લોકેટેડ ૩-૪ સ્ટાર લકઝરીયસ હોટલમાં ભવ્ય આવાસ
- ઇનોવામાં મુસાફરી (૪ જણા પ્રતિ કાર)
- ભારતીય રાજસ્થાની નિષ્ણાંત રસોઇયા દ્વારા ભોજનનો આસ્વાદ
- વિમાન ટીકીટ, એન્ટ્રી ટીકીટ તથા પરમીટ ખર્ચનો ટુર કિંમતમાં સમાવેશ
- કોઇપણ છુપા ખર્ચ વગર સ્પષ્ટ ટુર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર

એક યાદગાર અદ્ભુત અને રોમાંચક પ્રવાસ
૭ સીસ્ટર સ્ટેટ સ્પેશ્યાલીસ્ટ સાથે




તા. ૨૫ ડિસેમ્બર પહેલા બુક કરો અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ

**Departures :**
Feb - 18 | March - 2,14 , 26
April - 7, 12 , 17 , 22, 27 | May - 2, 7 , 12 , 17, 22 , 27

ટુર્સ કરવી તો ફક્ત
'નીરવ' જ સાથે...
અમારા પ્રવાસીઓનો અનુભવ બોલે છે.

**નીરવ® ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
9004667806 ✆ 6671 3722
શોપ નં. ૧૭૦, બીજે માળે, રઘુલીલા મોલ, પોઇસર બસ ડેપોની પાછળ, કાંદીવલી (વે)

ADVT.


Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**